ગાંધીનગર સમાચાર

આર ટી ઓ કચેરીમાં ટાણે જ સર્વર ડાઉન થતાં અરજદારો ધુંઆ પુંઆ




સાતત્યનું સન્માન - ગાંધીનગર સમાચારમાં સતત બે દાયકા સુધી 'સુપ્રભાતમ્' કોલમના માધ્યમથી કલમ પ્રસાદી પીરસતા શ્રી સુરેશભાઈ ભટ્ટનું જાહેર અભિવાદન પૂજ્ય ગુરૂમાના વરદ હસ્તે કરાયું હતું.... ગાંધીનગર સમાચાર આયોજીત અભિવાદન સમારોહમાં સમદર્શન આશ્રમના પૂજ્ય ગુરૂમાએ જાણીતા સર્જક અને કટાર લેખક સુરેશભાઈ ભટ્ટનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું... આ પ્રસંગે નગરના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ અને સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા...

# ...તો શું કરવા ૨૪ હજાર ઉપાડવાની જાહેરાત કરી

## બેંકોમાં રોકડ ન હોવાથી ખાતાધારકોને ૨૪ હજારના બદલે માત્ર બે કે પાંચ હજાર રૂપિયા પકડાવી બેંકોવાળા હાથ અધ્ધર કરી દે છે : પુરતો કેશફ્લો નહી આવે તો આગામી દિવસોમાં વધુ અંધાધૂંધી ફેલાશે

ગાંધીનગર, તા. ૨૪

નોટબંધની સમસ્યા હળવી ન થતા લોકોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. એક અઠવાડિયામાં ૨૪ હજાર ઉપાડવાની જાહેરાત કરવામાં આવી છે. પરંતુ શહેરની એકપણ બેંક ખાતાધારકોને ૨૪ હજાર આપી શકતી નથી. પુરતો કેશફ્લો ન હોવાનું કારણ આગળ ધરી બેંકો યેનકેન પ્રકારે ગ્રાહકોને સમજાવી દે છે.



પુરતા આયોજન વિના મોટી નોટોને અચાનક જ બંધ કરવાનો નિર્ણય લેવાતા સામાન્ય પ્રજાજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. એક અઠવાડિયામાં ૨૪ હજાર ઉપાડી શકાશે તેવી આરબીઆઈએ જાહેરાત કરી છે. આ જાહેરાત બાદ ચેક દ્વારા પોતાના ખાતામાંથી ૨૪ હજારની રકમ ઉપાડવા જતાં ગ્રાહકોને એટલી રકમ અપાતી જ નથી. ગાંધીનગરની એક પણ બેંક ૨૪ હજારની રોકડ આપી શકતી નથી. ૨૪ હજારના બદલે બે, પાંચ કે મહત્તમ સાત હજાર આપી ગ્રાહકોને બીજા દિવસે આવવા સમજાવી દેવાય છે.

આ મામલે બેંકો એવો બચાવ કરે છે કે પુરતી રોકડ ન હોવાથી અમે ગ્રાહકોને આરબીઆઈએ કરેલી જાહેરાત અનુસાર પૈસા આપી શકાતા નથી.

● અનુસંધાન પાન-૭ પર

# મનપાને જુની નોટ્સમાં જ મિલ્કતવેરાના ૪.૬૭ લાખ મળ્યા

## ૧૩ દિવસની ખાસ ઝુંબેશમાં જુની નોટ્સ સ્વીકારી : છેલ્લા દિવસે ૬૭ લાખની આવક

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા જુની નોટોથી મિલ્કતવેરો સ્વીકારવાની જાહેરાતની મુદતના આજે અંતિમ દિવસે રૂ. ૬૭ લાખની આવક મળી છે.

મનપાના મેયર પ્રવિણ પટેલે ગાંધીનગરની જનતાએ મિલ્કતવેરો ભરવામાં દાખવેલા ઉત્સાહ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી છે તો સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેને મિલ્કતવેરો સમયસર ભરી શહેરના વિકાસને વેગીલો બનાવવાના દાખવેલા અભિગમને બિરદાવ્યો છે.

મહાનગરપાલિકાએ મિલ્કતવેરાની આ નાણાંકીય વર્ષમાં ૮૦ ટકા વસુલાત મેળવી છે જે એક વિક્રમ છે. ચાલુ નાણાંકીય વર્ષના અંદાજો પ્રમાણે આવક થવા પામી છે. અગાઉ ૧૦ ટકા રિબેટને લઈ ૭ કરોડ જેટલી આવક થઈ હતી તો સિલીંગને લઈ ૨ કરોડની આવક થઈ હતી. હવે વધુ ૪.૬૮ કરોડની આવક થઈ છે. આમ રૂ. ૧૪ કરોડ જેટલી આવક મિલ્કતવેરાની થવા પામી છે.

આજે અંતિમ દિવસ હોવાથી લોકોએ વહેલી સવારથી જ લાઈનો મનપાની કચેરીમાં લગાવી દીધી હતી અને સાંજ સુધીમાં આવક આજના દિવસની ૬૭ લાખ પર પહોંચી જવા પામી હતી.

ગાંધીનગર શહેરમાં મનપાની રચના થયા પછી આ પ્રથમ વર્ષ એવુ રહ્યુ છે કે મિલ્કતવેરાની આવક વિક્રમી થવા પામી છે. મનપાના સૂત્રોનો વિશ્વાસ છે કે આવક ૧૦૦ ટકા સુધી આ વર્ષે પહોંચી જશે.

# ટોલ પ્લાઝા પર કોઈએ અટકવુ નહીં પડે : કેશ લેસ વ્યવસ્થા ગોઠવાશે

## આગામી ૬ મહીનામાં અમલવારી થઈ જશે : ૧ ડિસેમ્બર સુધી ટોલટેક્સમાંથી મુક્તિ પોઈન્ટ ઓફ સેલ કાર્યરત કરાશે : રાષ્ટ્રીય રાજમાર્ગ મહાપ્રબંધક : આર કે બંસલ

ગાંધીનગર તા ૨૪

આગામી ૬ મહીનામાં ટોલ પ્લાઝા પર કોઈ પણ નાગરિકોએ ટોલ ચુકવવા ઉભા રહેવુ નહીં પડે આ માટે પ્રથમ તબક્કાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. ઈ ટી એસ પી ઓ એસ તેમજ પે ટી એમ અને મોબીલીંકના આધારે પણ ટોલ આપી શકાશે. ટોલ પ્લાઝા ક્રોસ કરનાર વ્યક્તિના મોબાઈલમાં મેસેજ પણ આવી જશે આ પ્રકારની કેશલેસ વ્યવસ્થા ઉપલબ્ધ કરવા માટે ટોલ પ્લાઝા અપગ્રેડ કરવામાં આવી રહયા છે. હાલ દેશમાં સૌ પ્રથમ ગુજરાતમાં ટોલ પ્લાઝા પર પોઈન્ટ ઓફ સેલ તૈયાર કરી દેવાયા છે. અમદાવાદ મુંબઈ કોરીડોર પર ૧૧ ટોલ પ્લાઝા પર પી ઓ એસ સ્કીમ તૈયાર પણ કરી દેવાઈ છે. આ દરમિયાન સરકાર દ્વારા આગામી તા ૧ ડિસેમ્બર સુધી ટોલ ટેક્સમાંથી મુક્તિ આપી દેવામાં આવી છે.

ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગના મુખ્ય મહાપ્રબંધક આર કે બંસલે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે નેશનલ હાઈવેને અનુલક્ષી સલામતી તરફ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે. જેના પરિણામે છેલ્લા બે વર્ષમાં અકસ્માતો પણ ઘટયા છે. ક્રોસ રસ્તાને ડામવા માટે રાજકોટ મોરબી સહીતના રૂટમાં ફલાઈઓવર બનાવાની યોજના હાથ ધરવામાં આવી છે. સલામતીના પાસાઓને ધ્યાને લઈ રોડનેટવર્કને અપગ્રેડ કરવાની સાથે સ્ટ્રકચર ઉભા કરવામાં આવી રહયા છે. હાલની સ્થિતિને ધ્યાને લઈ સરકાર દ્વારા આગામી તા ૧ ડિસેમ્બર સુધી ટોલ ટેક્સમાંથી મુક્તિ આપવામાં આવી છે. જયારે આગામી ૬ મહીનામાં ટોલટેક્સના મામલે કેશલેસ વ્યવ્હાર થઈ જાય તે દિશામાં યોગ્ય આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. અમદાવાદ મુંબઈ કોરીડોરને અનુલક્ષી નેશનલ હાઈવે ૮ પર ૧૧ જેટલા પોઈન્ટ ઓફ સેલ ઉભા કરી દેવાયા છે. જયારે ગુજરાતમાં ઈલેક્ટ્રોલ ટ્રોલીંગ સિસ્ટમ (ઈ ટી એસ ) શરૂ કરવાનુ પણ આયોજન કરી દેવાયુ છે. હાલ બે લેનમાં આ આયોજન છે. જયારે તબક્કાવાર આગળ વધારવામાં આવશે. માર્ચ ૨૦૧૭ સુધી ૧૦ ટકા રાહત આપવાનો પણ નિર્ણય લેવાયો

● અનુસંધાન પાન-૭ પર

# આર ટી ઓ કચેરીમાં ટાણે જ સર્વર ડાઉન થતાં અરજદારો ધુંઆ પુંઆ

## જુની ચલણી નોટોના આધારે ટેક્ષ ચુકવવા સહીતની કામગીરી માટે આવેલા અરજદારોમાં આક્રોશ

ગાંધીનગર તા ૨૪

આર ટી ઓ કચેરીમાં આજે બપોરે સર્વર ડાઉન થતા અરજદારોને ફરી હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. અગાઉ પણ સર્વર ડાઉન થવાના લીધે આખો દિવસ કામગીરી થઈ શકી ન હતી. જયારે પોતાના વાહનોનો ટેક્ષ ભરપાઈ કરવા સહીતની પ્રકીયા માટે આજે રૂ ૫૦૦ અને હજારના દરની જુની ચલણી નોટો સ્વીકારવાનો અંતિમ દિવસ હોવાથી ટાંણે જ ટેકનિકલ ખામી સર્જાતા અરજદારોમાં ઉગ્ર રોષ ભભુક્યો હતો.

આરી ટી ઓ કચેરીમાં વારંવાર ટેકનિકલ ખામી સર્જાતા આમ નાગરિકોને પરેશાનીમાં મુકાવાનો વારો આવે છે. હાઈટેક આર ટી ઓ કચેરીમાં વખતોવખત સર્વર ડાઉન થતા અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવે છે. આવા સંજોગોમાં આખો દિવસના રઝળપાટના અંતે પણ અરજદારોના કામની પતાવટ થતી નથી. રૂ ૫૦૦ અને હજારના દરની

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ ૨૦મો સમૂહલગ્નોત્સવ

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજનો **આગામી ૨૦મો સમૂહલગ્નોત્સવ તા.૨૮-૨-૨૦૧૭ ફાગણસુદ-૨ને મંગળવારના રોજ મું.સરગાસણ તા.જિ.ગાંધીનગર** મુકામે યોજાનાર છે. તો સમાજના લગ્નોઉત્સુક દિકરા - દિકરીના લગ્ન નોંધણી માટેના ફોર્મ સમાજના કાર્યાલય સેક્ટર-૧૨ ખાતેથી મેળવી લેવા. આ સાથે ઉમેદવારે પોતાના પાસપોર્ટ સાઈઝના ફોટા-૨, જન્મના દાખલાની પ્રમાણિત નકલ સામેલ કરવાની રહેશે. ઉમેદવારોમાં દિકરાની ઉંમર-૨૧ વર્ષથી અને દિકરીબા ની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હોવી ના જોઈએ. બંને ઉમેદવારોમાંથી ગમે તે એક ઉમેદવાર ગાંધીનગર જિલ્લાના વતની હોવા જરૂરી છે. **ફોર્મ પરત સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૧-૧-૨૦૧૭નો રોજ સાંજના ૫ વાગ્યા સુધી રહેશે.**

**નોંધ : ૨૦ મા સમૂહલગ્નમાં ૫૧ વરઘોડિયા જ લેવાશે. જેથી વહેલા તે પહેલા સ્થાન મેળવી લેવા વિનંતી છે.**

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજની સામાન્ય સભા તા.૨૭-૧૧-૨૦૧૬ને રવિવારના દિવસે રાંધેજાની રાજપૂત સમાજની વાડી મુકામે બપોરના ૨:૦૦ કલાકે રાખેલ છે. તેમાં આગામી ૨૦મા સમૂહલગ્ન બાબતે તથા બીજા અગત્યના મુદ્દાઓ ચર્ચામાં લેવાશે. તથા ૨૦૧૫-૧૬ના હિસાબો રજુ કરવામાં આવશે. જેથી સર્વે જિલ્લાના આગેવાનો અને હોદ્દેદારશ્રીઓને અચૂક હાજર રહેવા વિનંતી છે.

| પ્રમુખ | મહામંત્રી | કારોબારી પ્રમુખ |
|---|---|---|
| વિક્રમસિંહ એસ. ગોલ | મહેન્દ્રસિંહ એ. વાઘેલા | નટવરસિંહ એમ. વાઘેલા |
| (અધ્યક્ષ લગ્ન સમિતિ) | કા.અધ્યક્ષ લગ્ન સમિતિ | |
| રતનસિંહ એમ. વાઘેલા | જશુભા એલ. પરમાર | |

# ઘઉંના બિયારણનો જથ્થો ઉપલબ્ધ નહિ હોવાથી ખેડૂતોમાં રોષની લાગણી

## ખેડૂતો સાનુકૂળ વાતાવરણ વાવણીનું હોવા છતાં ચિંતાતુર અને નિરાશ બન્યા

ગાંધીનગર, તા. ૨૪

રાજ્ય સરકારના સાહસ બીજ નિગમમાં જ ઘઉંનું બિયારણ ખલાસ થઈ જતાં અને ગ્રામ્ય વિસ્તારમાં મંડળીઓને જુની નોટ્સ ખાતર વેચવા પેટે નહિ સ્વીકારવાની સરકારીતંત્રની સૂચનાને પગલે ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થયો છે.

જિલ્લાની બે-ત્રણ મંડળીઓ દ્વારા રદ થયેલી નોટ્સથી ખાતર ખેડૂતોને આપવામાં આવતાં તંત્ર દ્વારા નોટીસ ફટકારવામાં આવી હોવાની વાતે ખેડૂત આલમમાં ભારે ચર્ચા જગાવી છે.

જિલ્લાના ખેડૂતો જુની નોટ્સ લઈ બિયારણ લેવા બીજ નિગમ પર પણ ગયા હતા પરંતુ ઘઉંના બિયારણનો સ્ટોક ઉપલબ્ધ નહિ હોવાથી ખેડૂતો બિયારણ અને ખાતર માટે દોડધામ કરતા ચિંતાતુર ચહેરે નજરે પડ્યા હતા.

રવિ સીઝનમાં હાલ ઘઉંની વાવણી માટેનો ઉત્તમ સમય હોવા છતાં પણ બિયારણ ઉપલબ્ધ ન હોવાથી ખેડૂતોમાં નિરાશા વ્યાપી છે. હજુ જિલ્લામાં એટલુ વાવેતર થયુ નથી કે ખુટી પડે આમ છતાં ઉભી થયેલી સ્થિતિથી ખેડૂતોમાં આક્રોશ ઉભો થવા પામ્યો છે.

સરકાર એક તરફ ખેડૂત તરફી હોવાની વાતો કરે છે તો બીજી તરફ સરકારી એજન્સી પાસે પુરતો સ્ટોક બિયારણ કે ખાતરનો ઉપલબ્ધ નથી.

નાબાર્ડ દ્વારા ખેડૂતોને ફૂડીંગ કરાશે તેવી જાહેરાત સામે ખેડૂતોએ વિરોધ કર્યો છે અને જણાવ્યુ છે કે ખરીફ ઉત્પાદનના ભાવ નથી મળતા અને ખરીફનું ચુકવણું કર્યા પછી જ નાબાર્ડ રવિ માટે ફંડીગ આપવાની વાત કરે છે. આમ ખેડૂતોના નામે વાતો થાય છે. પણ સરકાર ખેડૂત ટૂટી કેવી રીતે જાય તેના કીમીયા જ અજમાવતી હોવાની વાતો ખેડૂતો કરી રહ્યા છે.

રવિ સિઝનના વાવેતર માટે સૌથી સાનુકૂળ વાતાવરણ હોવા છતાં બિયારણ ઉપલબ્ધ ન હોવાથી ખેડૂતો ચિંતાતુર અને નિરાશ બન્યા છે. પશુપાલન ક્ષેત્રે પણ મંડળીઓ દ્વારા ચુકવણુ શરૂ નહિ થતાં આર્થિક સંકડામણ પણ ખેડૂત અનુભવી રહ્યો છે.

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
D'DECOR Live beautiful · DC TEX FURNISHINGS · HOMES · COPPER · Kurl-on PU FOAM · SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI ,
SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE,
G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર । ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો
અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ
૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com